# ગઝલ

## રાકેશ રાઠોડ 'મીત્ર'

### .1.

ભીંતો વચ્ચે શાને રાખો, મસ્જીદ તોડો મંદીર તોડો;
ખુલ્લા શ્વાસ મને લેવા દ્યો, મસ્જીદ તોડો મંદીર તોડો.

આધુનીક યંત્રો મંગાવો, મસ્જીદ તોડો મંદીર તોડો;
હું આપું છું ફતવો આવો, મસ્જીદ તોડો મંદીર તોડો.

કહેવા ખાતર કહી દેશો કે રામ–રહીમ તો એક જ છે; પણ,
જાતીવાદે ગાતા જાશો, મસ્જીદ તોડો મંદીર તોડો.

લોહી પીને શું મળવાનું? એ તો સ્વાદ વગરનું પીણું;
'માનવતા'નો રસ તો ચાખો! મસ્જીદ તોડો મંદીર તોડો.

હોનારતનું નામ દઈને, લાખો માણસ મારી દઉં છું;
મારું કામ મને કરવા દ્યો, મસ્જીદ તોડો મંદીર તોડો.

માણસ નામે જીવ બનાવી શાયદ ભુલ થઈ છે મારી,
આપો મુજને માફી આપો મસ્જીદ તોડો મંદીર તોડો.

હીન્દુ, મુસ્લીમ, શીખ, ઈસાઈ, મારા માટે એક જ સરખા,
સમજો મારી પીડા યારો, મસ્જીદ તોડો મંદીર તોડો.

## .2.

પામવા પાછો મને ભગવાનથી લડતી હશે,
કે પછી ભગવાનને એ રોજ કરગરતી હશે.

એના મનની વાતને કંઈ જાણવી સહેલી નથી,
ભીની આંખો હોય તો પણ સૌ કને હસતી હશે.

ખુશ હું બહુ છું, છતાં કંઈ પણ મને ગમતું નથી;
યાદ મારી આવવાથી હાલ એ રડતી હશે.

કાલ તો એણે, નથી પાણી પીધું પુરો દીવસ,
શું હજી ઉપવાસ કડવા ચોથનો કરતી હશે?

સાત જન્મો સાથ વીત્યા આઠમે પણ એ જ હોય,
એટલે રાકેશને 'નીશા' બહુ ગમતી હશે.

## .3.

સચ્ચાઈના બે ચાર અરજદાર હોય છે,
જુઠ્ઠાણાના હજાર તરફદાર હોય છે.

વાંચી છે 'ગીતા', ત્યારથી સમજી ગયો છું હું,
શસ્ત્રો વીનાના વાર અસરદાર હોય છે.

લાગે છે સર્વને, કે 'મરીઝ' એકલા જ છે,
વીસ લોકોમાં અઢાર કરજદાર હોય છે.

બાળકની મેં નનામી ઉપાડી તો જાણ થઈ,
હળવાં ફુલોનો ભાર વજનદાર હોય છે.

નીપુણ છો તમે, હું શીખું છું, તો શું થયું?
હીરાના સૌ પ્રકાર ચમકદાર હોય છે

**.4.**

મેં સૌની વાત માનીને ગણકારી જીંદગી,
લગભગ બની છે એટલે અંધારી જીંદગી.

ક્યારેક ખુબ સારો છું, ક્યારેક બહુ ખરાબ;
જીવી રહ્યો છું હું સદા સહીયારી જીંદગી.

કોઈ લખે મજાનું, કોઈ ફાડી જાય છે,
કાગળ સમાન થઈ ગઈ છે મારી જીંદગી.

પુરઝડપે આવી કો'ક મને કચડી જાશે તો,
એ ડરમાં પુરઝડપથી મેં હંકારી જીંદગી.

ક્યારેક તો હું હારી જઈશ વાત પાકી છે,
મૃત્યુએ આવીને ફરી લલકારી જીંદગી.

**.5.**

સૌ ભલે હરદ્વાર, મક્કા કે પછી કાશી ગયા,
પાપ ધોવાને અમે ગંગા નહીં; તાપી ગયા.

ખુશ રહેવા એક કારણ, દુ:ખ હજારો હોય છે,
હે પ્રભુ, કેવા આ લીટા હાથમાં છાપી ગયા!

તેં લખ્યું'તું જે કઈ, હું એ જ તો કરતો હતો;
તો પછી સૌ પાપ મારા માથે કાં આવી ગયાં?

શું ઘડ્યો છે શીલ્પકારે નાક નકશો કો’કનો,
કીધું એણે : ‘આ પ્રભુ છે’, ને બધા માની ગયા!

‘મીત્ર' સૌ શ્રદ્ધાળુઓને આસ્થા છે એટલે,
મંદીરોમાં જઈને લોકો કેટલું માગી ગયા!

**.6.**

બાકી સમય જરાક, એ નહોતી ખબર મને,
છું મોતનો ઘરાક, એ નહોતી ખબર મને.

આતંકવાદી હું બની પહોંચી ગયો છું હીન્દ,
આ છે જમીન પાક, એ નહોતી ખબર મને.

બે ગજ જમીન મળશે મને, માની હું મર્યો;
પણ થઈ જઈશ ખાક, એ નહોતી ખબર મને.

ગુરુદક્ષીણામાં આંગળી કાપે ભલેને એ,
કાપી જશે આ નાક, એ નહોતી ખબર મને.

એની સમક્ષ પ્રેમનો પ્રસ્તાવ મેં કર્યો,
ઉડાવશે મજાક, એ નહોતી ખબર મને.

રસ્તા સીધા ને હોય સરળ પ્રેમના બધા,
પણ લાગશે ત્યાં થાક, એ નહોતી ખબર મને.

મેં પણ કર્યો તો પ્રેમ ઘણો 'મીત્ર', એમને;
પણ થઈ જશે તલાક, એ નહોતી ખબર મને.

**.7.**

થોડીક રાહ જોતે, તો જીવન ફરી જતે,
હું પણ તરી જતે અને તું પણ તરી જતે.

ઉડશે ધુમાડો જાણું છું, એથી બળું સતત;
પણ જાણતો ન હોત, તો શાયદ ઠરી જતે.

થોડીય જાણ હોતને, છે ઢાલ જેવી પીઠ;
માર્યું તેં જ્યારે તીર, હું ત્યારે ફરી જતે.

આંખોથી બોલવાની કલા સૌથી શ્રેષ્ઠ છે,
ખોટુંય બોલતે, તો એ પણ વીસ્તરી જતે.

ભગવાનની દયા છે, કે આપ્યું છે સુખ ને દુઃખ,
આપ્યું જ હોત સુખ, હું ખુશીથી મરી જતે.

## .8.

ભુલા પડેલા કો'કને રસ્તા બતાવજો,
ક્યારેક માણસાઈ અમસ્તા નીભાવજો.

કાપી બધાંય જંગલો, સૌ પ્રાર્થના કરે,
ભગવાન વાદળાં તો વરસતાં જ લાવજો.

ઉપર લખાવો પત્રમાં મનમોહીની છે તું,
ને અંતે તારા માટે તરસતા લખાવજો.

જેહાદ નામે શું કર્યું જે જાણતા નથી,
બીજા જનમમાં એને ફરીસ્તા બનાવજો.

હું રોકકળથી કોઈ દી' પાછો નહીં ફરું,
અંતીમ વીદાયમાં તમે હસતા જ આવજો.

## .9.

મારા ભર્યા હૃદયને, એ ખાલી કરી ગઈ;
જન્મોજનમના સાથથી, આજે ફરી ગઈ.

બોનસ તો આપવું જ પડે, આજીજી કરી;
શાંતીથી ચાલતી હતી, એ નોકરી ગઈ.

લાગે છે જન્મ પાછલો આવ્યો છે એને યાદ,
પાલવમાં સુતી બાળકી એથી ડરી ગઈ.

રાખી દીધું છે એનું, પરમ દીવસે બેસણું;
જન્મી'તી ઈચ્છા કાલ, એ આજે મરી ગઈ.

નીચેથી 'મીત્ર' નામ હટાવીને મોકલી,
એના પછી તો મારી ગઝલ વીસ્તરી ગઈ.

## .10.

સાબીતી મારી આપવા, તડફડ કરી શકું;
માણસ છું, એથી આગ વીના જળજળી શકું.

ઈશ્વર ને અલ્લા એક છે, એ વાત માનું, પણ;
મસ્જીદમાં જઈ ખુદાને, શું શ્રીફળ ધરી શકું?

થોડું તો થોડું, જ્ઞાન હું વ્હેંચું છું સર્વને;
ચાહું અગર, તો હું બની મૃગજળ વહી શકું.

ડુબી ગયો તો ત્યાં જ, પડી રહીશ હું સદા;
તરતો રહીશ, તો જ હું આગળ વધી શકું.

મુશ્કેલ બહુ છે, મારા મનોબળને તોડવું;
વરસાદ નહીં તો ના સહી, ઝાકળ બની શકું.

## .11.

જીવું છું ત્યાં સુધી મને રહેવા દો ગર્વમાં,
જાણું છું મૃત્યુ બાદ જવાનો છું નર્કમાં.

ઈશ્વર મને બતાવ કે, જીવવાનું કઈ રીતે?
જીવી રહ્યો છું જીંદગી મરવાના અર્થમાં.

નીકળી ઘરેથી ને પછી ભીડમાં સમાયો હું,
છું એકલો જ તોય, ગણાયો હું સર્વમાં.

દેખાય તોય કોણ પહોંચ્યું છે ક્ષીતીજે?
જોયું નથી ને, તોય પહોંચ્યા છે સ્વર્ગમાં!

એવું નહીં વીચારતા કે છે નશામાં 'મીત્ર',
દેખાઉં છું હું ખુશ, બધે દુઃખમાં ને દર્દમાં.

## .12.

દુનીયામાં ઉંચું નામ ફક્ત હું કરી શકું,
અઘરામાં અઘરું કામ ફક્ત હું કરી શકું.

મીઠાશ વાતમાં અને હૈયામાં રાખી પ્રેમ,
સૌના દીલે મુકામ ફક્ત હું કરી શકું.

દુનીયાના દસ રહીશમાં છે નામ મારું પણ,
આદર અને પ્રણામ ફક્ત હું કરી શકું.

મારાય મામા આમ, શકુની સમાન છે,
રાજાને પણ ગુલામ ફક્ત હું કરી શકું.

મેં બંગલામાં ગાય અને ભેંસ પાળી છે,
મોટા શહેરમાં ગામ ફક્ત હું કરી શકું.

મારા જ કારણે તમે સ્પર્ધા જીતી શક્યા,
સસલા સમો વીરામ ફક્ત હું કરી શકું.

મારી ગઝલમાં કંઈક નવીનતા સદા મળે,
ગઝલોના ઉંચા દામ ફક્ત હું કરી શકું.

રાકેશ રાઠોડ 'મીત્ર'


## સર્જક સમ્પર્ક :

રાકેશ રાઠોડ 'મીત્ર'

21, ઠાકોર દ્વાર સોસાયટી-2, નીલકંઠ રેસીડેન્સીની સામે, પાલનપુર જકાતનાકા, સુરત–395009

eMail : rakeshrathodmitr@gmail.com Mobile : 9664837783


@@@


'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..


@@@


'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : પંદરમું - અંક : 433 – August 18, 2019

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@

ગુજરાતી ભાષાની સર્જાયેલી અને સર્જાતી આવી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો,

તમારું નામ, સરનામું, કૉન્ટેક્ટ નંબર, આઈડી.. વગેરે માહીતી મોકલી મને ઈ.મેલ લખજો..

તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે,

એક મેલ સાથે અલગ પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,65,52,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,37,47,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,92,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,16,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@